Soundly, *ad.* (સાઉન્દલી) ખુબ, જબર, સારી પેઠે.

There was an old woman એક બુઢી દોસી હતી Who lived જે રેહેતી હતી in a shoe જોડાના જેવાં ઘરમાં; She had તેણીને હતાં so many children એટલાં બધાં છોકરાં કે she didn't know તેણીને સુજતું ન હતું what to do શું કરવું તે She gave them તે તેમને આપતી હતી some broth થોડો સેરવો Without any bread કાંઇપણ રોટલી વગર; She whipped them all તે સઘળાંને ચાબકે મારતી હતી soundly સારી પેઠે And sent them ને તેમને મોકલતી હતી to bed બિછાણે.

Hop, *v.* (હૉપ) કુદવું.
Stop, *v.* (સ્તૉપ) થોબવું; ઉભું રહેવું.
Shook, *v.* (શુક) હિલવી.
Window, *s.* (ઉિવનદો) બારી.
Flew (away), *v.* (ફ્લીઉ) ઉડી ગયો.

Once I saw એક વેળા મેં જોયો a little bird એક નાનો પક્ષિ come hop hop hop કુદતો કુદતો કુદતો આવતો હતો So I cried તેથી હું બોલ્યો; "little bird નાનાં પક્ષી will you stop stop stop તું ઉભો ઉભો ઉભો રેહેશ ? And ને was going to the window બારી આગળ જતો હતો to say કેહેવા, "How do you do તું કેમ છે ?" But he shook his little tail પણ તેણે પોતાની નાની પુછડી હિલવી, and away he flew અને તે ઉડી ગયો.

Dance, *v.* (દૅન્સ) નાચ.
Baby, *s.* (બેબી) બચું.
Mind, *v.* (માઇન્દ) મન દે; દરકાર [કર.
Mother, *s.* (મધર) મા; જીજી.
Nigh, *ad.* (નાઘ) પાસે; નજદીક.
Crow, *v.* (ક્રો) ખડખડ હસ.
Caper, *v.* (કેપર) કુદ; નાચ.
Ceiling, *s.* (સીલિંગ) છાજ; સીલિંગ.
Backwards, *ad.* (બૅકઉવર્દસ) પાછળ.
Forwords, *ad.* (ફૉરઉવર્દસ) આગળ.
Merrily, *ad.* (મૅરિલી) ખુશીથી.

Dance નાચ little baby નાના બચ્ચાં, dance up high ઊંચેસુધી નાચ Never mind દરકાર ન કર, baby બચ્ચાં, mother is nigh મા પાસેજ છે. Crow and caper ખડ ખડ હસ અને કુદ, caper and crow નાચ અને ખડ ખડ હસ—There little bady ત્યાં નાનાં બચ્ચાં there you go ત્યાં તું જા. Up to the ceiling ઉપર સીલીંગ સુધી, down to the ground નિચે જમીનપર Backwards and forwards પાછળ અને આગળ, round and around ગોળ ચકરડામાં! Dance, little baby નાચ, નાના બચ્ચાં, and mother will sing અને મા ગીત ગાશે, Merrily ખુશીથી merrily ખુશીથી ding, dong, ding, ડિંગ, ડોંગ, ડિંગ.

——o——

PART II.

COUNT TEN દશ લગણ ગણો.

Spade, *s.* (સ્પેદ) કોદાલી, પાવડો.
Box, *s.* (બૉક્સ) દાબડી; દાબડો.
To dig, *v.* (ડિગ) ખણવા; ખોદવા.
Bit, *s.* (બિટ) કકડો.
Dug, *v.* (ડગ) ખોદ્યું.
Held, *v.* (હેલ્દ) ધર્યો.
Will, *s.* (ઉવિલ) મરજી; ઉમંગ.
Lid, *s.* (લિડ) ઢાંકણું.
Came off, *v.* (કેમ ઑફ) ઊખડી ગયું.
Fell out, વેરાઈ ગયાં.
Was vexed, *v.* (ઉવૉઝ વેક્સ્દ) ચીરડાઈ ગઈ.

Wished, *v.* (ઉવિશ્દ) ચાહ્યું.
Count, *v.* (કાઉન્ત) ગણવું.
Mean, *v.* (મીન) અર્થ થવો.
Often, *ad.* (ઑફ્ન) વારંવાર.
Hasty, *a.* (હેસ્તી) ઉતાવળો.
To correct, *v.* (કરેક્ત) સુધારવા.
Careless, *a.* (કેરલેસ) બેદરકાર.
Picked, *v.* (પિક્દ) ઊંચકી લીધાં.
Ready, *a.* (રેડી) તૈયાર.
To put, *v.* (પુત) નાંખવા; રોપવા.
Were planted, *v.* (ઉવેર પ્લૅન્તેડ) રોપ્યાં હતાં.

Grow up, *v.* (ગ્રો અપ) ઊગવું.
Lot *s.* (લૉટ) જથ્થો.
Blades, *s.* (બ્લેડ્ઝ) તણખલાં.
Peeped *v.* (પીપ્ડ) દેખાયાં.
Grew up, *v.* (ગ્રીઉ અપ) ઉગ્યું.
Pretty, *a.* (પ્રિતિ) સુંદર.
Greatly, *ad.* (ગ્રેટલી) ઘણીજ.
Delight, *s.* (દિલાઇત) ખુશી.
Angry, *a.* (ઍનગ્રિ) ચીઢેલો.

Fred had got ફ્રેદ પાસે હતી a new spade એક નવી કોદાલી from his aunt તેની કાકીએ આપેલી. She had sent it તેણીએ તે મોકલી હતી to him તેના ઉપર one day એક દહાડે with a small box of seeds બિયાંના એક નાના દાબડા સાથે.

As soon as જેવી he got it તે તેને મળી he went out તે બાહેર ગયો to dig with it તે વડે ખોદવા in his own bit of ground પોતાની જમીનના કકડામાં at the back પછવાડે of the house ઘરની.

Jane went with him જેન તેની સાથે ગઈ; and ને as he dug તે ખણતો હતો તે વેળા she stood near him તે તેની પાસે ઉભી રહી હતી and અને talked to him તેની સાથ વાત કીધી. She held તેણીએ ધરેલો હતો the box of seeds બિયાંનો દાબડો in her hand પોતાના હાથમાં.

Fred did his work ફ્રેદે પોતાનું કામ કીધું with a will ઉમંગથી, and he did it well ને તે તેણે ઠીક કીધું too વળી.

As Jane stood and talked જેન ઉભી રહીને વાત કરતી હતી ત્યારે she let fall તેણીએ નાખી દીધો the box of seeds બિયાંનો દાબડો on the ground જમીનપર. The lid of the box દાબડાનું ઢાંકણું came off ઉઘડી ગયું, and અને all the seeds સઘળાં બિયાં fell out વેરાઈ ગયાં.

Poor Jane ગરીબ જેન was હતી a Good kind girl ભલી માયાળુ છોકરી. She was much vexed તે ઘણી ચીરડાઈ ગઈ and અને said

so to Fred એમ ફ્રેદને કહ્યું. But પણ Fred did not speak ફ્રેદ બોલ્યો નહી to her તેણીની સાથે.

"O Fred અરે ફ્રેદ" cried she તેણીએ કહ્યું why don't you speak to me તું મારી જોડે બોલતો કેમ નથી."

"I wished મેં ચાહ્યું" said Fred ફ્રેદ બોલ્યો, "to wait થોભવા till I could count ten હું દશ લગણ ગણી શકું ત્યાં સુધી."

"Count ten દસ વેર ગણું" said Jane જેન બોલી.

"What do you mean એમાં તારી મતલબ શું છે? why do you wish તું શા સારૂં ઇછે છે to count ten દશ વેર ગણવા."


"Oh અરે" said Fried ફ્રેદ બોલ્યો, "aunt once told me કાકીએ એક વેળા મને કહ્યુ to count ten દશ લગણ ગણવા before I spoke હું બોલું તે પેહેલાં, if ever જો કદી પણ I felt angry મને ચીડ ચઢે તો. I know હું જાણુંછું that કે I am often hasty હું વારંવાર ઉતાવળો થાઉંછું to you તારાભણી Jane જેન, and અને I want to correct myself મારે મને પોતાને સુધારવો છે."

"O Fred અરે ફ્રેદ, how good you are તું કેટલો ભલો છે. It was very careless of me હું ઘણી બેદરકાર રહી to let the box of seeds fall બિયાંનો દાબડો પડવા દેવામાં, but see પણ જો, I have picked મેં ઉચકી લીધાં છે them all again તે સઘળાં ફરીથી and ને here they are આ તે રહ્યાં, ready to put રોપવા માટે તૈયાર into the ground જમીનમાં."

The seeds બિઆં were planted રોપાયાં, and અને day by day દર રોજ Fred and Jane ફ્રેદ ને જેન came to watch them grow up તેમને ઉગેલાં જોવાને આવતાં હતાં At last છેલ્લે a lot of small green blades નાના લીલાં તણખાંનો ઝુમખો peeped સેહેજ દેખાયો above the gronnd

સપાતીથી ઊગ્યે, and soon grew up અને જલદી ઉગી નિકળ્યો, with pretty flowers સુંદર ફુલો સાથ, greatly to the delight બેહેદ ખુશાલી ઉપજાવતો of the childern છોકરાંને.

Before you speak તમે બોલો તે પેહેલાં a hasty word એક ઉતાવલો બોલ Count ten દસ લગણ ગણજો, And if still અને તોબી you angry be તમે ગુસ્સે હોવો તો Count again ફરીથી ગણજો.



My dog Dash મારો દૅશ કુતરો.

Was stolen, *v.* (ઉવૉઝ સ્તોલન) ચોરાયો હતો

After being away, બીજી જગ્યાએ રહેવા પછી.

Months, *s.* (મંથ્સ) મહિના.

String, *s.* (સ્ત્રિંગ) દોરી.

Tied, *p.* (તાઈદ) બાંધેલી.

Neck, *s.* (નૅક) ગરદન.

Round, *pre.* (રાઉન્ડ) આસપાસ.

Broken, *p.* (બ્રોકન) તોડેલું.

Glad, *a.* (ગ્લૅદ) ખુશી.

Thief *s.* (થીફ) ચોર.

Court, *s.* (કોર્ટ) દરબાર; કચેરી.

Swore, *v.* (સ્વૉર) સોગંદ ખાધા.

Was asked, *v.* (ઉવૉઝ આસ્કદ) પુછવામાં આવ્યું હતું.

Proof s. (પ્રુફ) સાબેતી.

Mouth, *s.* (માઉથ) મોહોડું.

Something, *s.* (સમથિંગ) કાંઈ

Only, *ad.* (ઓનલી) માત્ર.

Went through, કરી બતાવી.

Tricks, s. (ત્રીક્સ) રમત કરામત.

Taught, *v.* (તૉત) શિખવી.

Guided, *v* (ગાઈદેદ) ચલાવ્યો.

Roar, *s.* (રૉર) ગડબડ; ગોંધાત.

Shrunkaway, *v.* (શ્રન્ક અવે) ધિક્કારથી પાછલ હઠયો.

Prison, *s.* (પ્રિઝન) બંદીખાનું.

Free, *a.* (ફ્રી) છુટો.

Judge, *s.* (જડજ) ન્યાયાધીશ.

(Was) set, *v.* (સૅત) કીધો.

Amid, *pre.* (ઍમિડ) વચ્ચે.

Cheers, *s.* (ચીઅર્સ) ખુશાળીના પોકાર.
People, *s.* (પીપલ) લોકો
Outside, (આઉતસાઇદ) બાહેર.
Bounded, (બાઉનદેડ) ગયા.
Merrily, *ad.* (મેરિલિ) ખુશીથી.

My little dog મારો નાનો કુતરો was once stolen એક વખત ચોરાઈ ગયો હતો from me મારી પાસેથી.

After being away બિજી જગ્યાએ રહેવા પછી for some months કેટલાક મહિના he one day તે એક દહાડે came back પાછો આવ્યો with a long string લાંબી દોરી સહીત tied round his neck (જે) તેની ગરદન પર બાંધેલી હતી.

He had broken away તે તોડીને નહાસી આવ્યો હતો from the man તે માણસ પાસેથી who had stolen him જે તેને ચોરી ગયો હતો Oh, અરે, how glad I was હું કેવો ખુશી થયો હતો to see my dog back again મારા કુતરાને ફરીથી પાછો આવેલો જોવાથી.

The thief was taken તે ચોરને લેઈ ગયા હતા to the court દરબારમાં.

He swore તેણે સોગંદ ખાધા that the dog was his કે કુતરો મારો છે; and I was asked અને મને પુછયું if I could give proof કે તું કાંઈ સાબેતી આપી શકશે that the dog was mine કે કુતરો તારો છે તેની.

I put my mouth મારૂં મહોડું લેઈ ગયો to the dog's ear કુતરાના કાન આગળ and said some thing અને કાંઈ કહ્યું known only to us two જે અમને બેનેજ ખબર હતું.

Dash દેશ at once stood up એકદમ ઉભો રહ્યો on his hind legs પોતાના પાછલા પગ ઉપર and ને went through કરી બતાવી some tricks કાંઈ કરામત, I had taught him જે મે તેને શિખવી હતી.

I guided him મે ચલાવ્યો with my stick મારી લાકડીએ, and set

the whole court અને આખી દરબારમાં મચાવી in a roar ગડબડ with the fun રમુજથી.

The thief was asked ચોરને કહ્યું to make the dog do કુતરા પાસે કરાવાને the same thing તેજ પ્રમાણે; but Dash shrunk away પણ દૅશ ધિક્કારથી પાછો હટ્યો, and would not go near him અને તેની નજદીક ગયો નહીં.

The judge saw ન્યાયાધીશે જોયું that the dog was mine કે કુતરો મારો હતો.

The thief was sent ચોરને મોકલ્યો to prison બંદીખાને and Dash અને દૅશને was set free છુટો કીધો.

Amid the cheers ખુશાલીના પોકાર વચ્ચે of the people લોકોના who stood જે ઉભા હતાં outside the court દરબારની બહાર, Dash and I bounded merrily home દૅશ અને હું ખુશાલીથી ઘર ગયા.



GOOD–NIGHT રાતની સલામ.

Pretty *a.* (પ્રીતિ) સુંદર.
Cradle-bed, *s.* (ક્રેદલ-બૅદ) પારણું; ઝોળીનું બિછાણું.
Eyes *s.* (આઈઝ) આંખ.
Clothes, *s.* (ક્લોધ્ઝ) કપડાં.
(Are) tucked, *v.* (તકદ) વાળીને ઉંચે ચઢાવ્યા છે.
Tight, *s.* (તાઈત) તંગ.
Good-night, *s.* (ગુદનાઈત) રાતની-સલામ.
Darling, *s.* (દારલિંગ) લાડકાં-પ્યારા બચ્ચાં.
Bitter, *a.* (બિતર) કડકડતો; સખત.
Wind, *s.* (વિન્દ) પવન.
Blow, *v.* (બ્લો) ફુંકેછે.
Rain, *s.* (રેન) વરસાદ.
Patter *v.* (પૅટર) છડછડ—તરતર અવાજ કરેછે.
Pane, *s.* (પેન) કાચનો તકતો.

Fast, *ad.* (ફાસ્ત) મજબુત રીતે.
Stormy, *a.* (સ્તૉર્મિ) તોફાનિ.
(Is) past, *v.* (પાસ્ત) વહી ગઈ છે.
Curtains, *s.* (કરતિન્સ) પડદા, મચ્છરદાની.
Shineth, *v.* (શાઇનેથ) પ્રકાશે છે.

Little baby નાનાં બચ્ચાં lay your head તારૂં માથું મુક On your pretty cradle bed તારા સુંદર ઝોળીનાં બીછાણા ઉપર; Shut બંધ કર your eyes તારી આંખ for કારણકે now the day હમણા દહાડો And the light અને રોશની are gone away જતાં રહ્યાં છે (પુરાં થયાં છે); All the clothes સઘળાં કપડાં are tucked in tight ઉપર ચઢાવીને તંગ કીધાં છે, Little baby dear પ્યારાં નાનાં બચ્ચાં good night રાતની સલામ છે.

Yes હા my darling મારાં લાડકા બચ્ચાં well I know હું સારી પેઠે જાણુંછું, How કેવી રીતે the bitter wind સખત થંડો પવન doth blow ફુંકેછે, And અને the winter's snow and rain શિયાળાનો બરફ અને વરસાદ Patter છડછડ અવાજ કરીને પડેછે on the window pane બારીના કાચના તકતા ઉપર, But પણ they can not come in here તે આ જગાની અંદર આવી શકતાં નથી, To my little baby dear મારાં નાનાં પ્યારાં બચ્ચાં આગળ.

For કારણકે the window બારી is shut fast મજબુત બંધ કીધી છે Till જ્યાંસુધી the stormy night is past તોફાની રાત વહી જાય; And અને the curtains warm are spread ગરમ કપડાંના પડદા (ફ્રતની) નાંખ્યાછે, Roundabout આસપાસ your cradle bed તારા ઝોળીના બીછાણાની. So તેટલા સારૂં till morning shineth bright સહવાર રોશનીથી પ્રકાશે ત્યાં સુધી, (એટલે સહવારે તડકુ પડે ત્યાંસુધી,) Little baby dear લાડકાં નાનાં બચ્ચાં good night (તુંને) રાતની સલામ (છે).

—0—

THE MOMENTS પળો.

Moments, *s.* (મોમેન્તસ) પળો.
Fly, *v.* (ફ્લાઈ) વહી જાયછે.
Minute, *s.* (મિનિત) મિનિત; અઢીપળ.
(Is) gone, *v.* (ગૉન) ગઈ છે.
(Is) run, *v.* (રન) પુરો થયો છે.
Hour, *s.* (અવર) કલાક.
(Is) fled, *v.* (ફ્લેડ) વહી ગયોછે.
Week, *s.* (વીક) અઠવાડયું.
Year, *s.* (ઇઅર) વર્ષ.

The moments fly, પળો વહી જાયછે, a minute is gone, એક મિનિત ગઇછે. The minutes fly, મિનિતો વહી જાયછે, an hour is run, એક કલાક પૂરો થયોછે. The day is fled, દહાડો વહી ગયો છે, the night is, રાત પડીછે here અહીંઆ. Thus આ પ્રમાણે flies a Week એક અઠવાડીયુ વહી જાયછે, a month એક મહિનો a year એક વર્ષ. (એ પ્રમાણે એક અઠવાડયુ, એક મહિનો અને વર્ષ વહી જાયછે.)

———o———

THE BOY THAT LIKED PLAY રમતીઆળ છોકરો. (1)

Fine, *a.* (ફાઇન) સોભીતો, ખુલ્લો.
Summer, *s.* (સમર) હુનાળો.
Fond, *a.* (ફૉન્દ) શોખિલો.
Told, *v.* (તોલ્ડ) કહ્યું.
Knew, *v.* (નીઉ) જાણ્યું.
Sister, *s.* (સિસ્તર) બેહેન.
Nicer, *a.* (નાઇસિર) વધારે મારૂં.
River-side, *s.* (રિવર સાઇદ) નદીનો કાંઠો, કિનારો.
Go over, ફરી વજવું.
Town, *s.* (તાઉન) શેહેર.
Buy, *v.* (બાઈ) ખરીદવું.
Wool, *s.* (ઉલ) ઉન.
Worsted, *s.* (ઉવુર્સ્તેદ) ઊનનું સુતર, દોરો.
Needless, *s.* (નીદલ્સ) સોય.
Get, *v.* (ગેત) કમાવું; મેળવવું.
Money, *s.* (મની) પૈસા.
Nothing. *s.* (નથિંગ) કાંઈ નહી.
Lessons, *s.* (લેસન્ઝ) પાઠો.

Spelling, *s.* (સ્પેલિંગ) જોડણી.
To learn, *v.* (લર્ન) શિખવું.
Lay up, *v.* (લે અપ) ભરી મુકવું.
(Is) getting, *v.* (ગેટિંગ) મેળવે છે.
Wax, *s.* (વૅક્સ) મીન.
Stay, *v.* (સ્તે) થોભવું.
Under, *pre.* (અંદર) તળે.
Straw, *s.* (સ્ત્રૉ) ઘાસનું તણખલું; સુકુઘાસ.
(Is) taking, *v.* (તેકિંગ) લેઇ જાયછે.
To build, *v.* (બિલ્ડ) બાંધવું.
Feathers, *s.* (ફેધર્સ) પીછાં.
Moss, *s.* (મૉસ) લીલ.

One fine day એક સુંદર (ખુલ્લે) દહાડે in summer હુનાળામાં a very little boy એક ઘણા નાના છોકરાને was sent to school નિશાળે મોકલ્યો હતો by his monther તેની માએ. But she knew પણ તે જાણતી હતી that કે he was fond તે શોખીનો હતો of play રમતનો, and so અને તેથી she told તેણીએ કહ્યું his sister તેની બેહેનને to go with him તેની સાથે જવાને.

It was very warm ગરમી (તડકો) ઘણી પડતી હતી and the boy અને છોકરાએ said to his sister પોતાની બેહેનને કહ્યું that કે it would be much nicer ઘણું બેહેતર થશે to play with him તેની સાથે રમવાને by the river-side નદી કિનારે than go to school નિશાળે જવાના કરતાં.

No, no, નહીં નહીં said she તેણીએ કહ્યું. I have not time મને ફુરસદ નથી to play રમવાની. After I have seen you to school તુંને નિશાળે (ગયલો) જોવા પછી, I must go over મારે ફરી વળવું જોઇએ all the town આખા શેહેરમાં to buy ખરીદવાને wool ઉન and worsted and needles અને ઉનનું સુતર અને સોય and a lot of other things અને બીજી ઘણીક ચીજો for mother મા સારૂં. She and I must work તેણીએ અને મારે કામ કરવું જોઇએ and get money અને

પૈસા મેળવવા to buy food ખોરાક ખરીદવા. Then the boy ત્યાર પછી તે છોકરાએ saw a bee એક મધમાખ જોઈ flying from flower to flower ફુલે ફુલ ઉડતી and said અને કહ્યું I should like હુ ચાહુચ્છું to be a bee એક મધમાખ થવાને and have nothing to do અને કાંઈ નહી કરવાને (એટલે આળશું થવાને) no lessons or spelling to learn પાઠો અથવ જોડણી શિખવાને નહી હોય. Ah! અહા! said his sister તેની બેહેને કહ્યું the bee is not idle મધમાખ આળશું નથી; it is getting honey and wax તે મધ અને મીન મેળવે છે to lay up store for winter શિયાળાને સારૂં જથ્થો ભરી રાખવાને when કે જે વખતે there will be no flowers ફુલો થતાં નથી. And the bee અને મધમાખ soon flew away જલદીથી ઉડી ગઈ to its hive પોતાના પોળામાં with its honey and wax પોતાનાં મધ અને મીન સહીત.

In a little થોડા વખતમાં they heard a bird singing તેઓએ એક પક્ષિને ગાતાં સાભળ્યું; and the boy said અને તે છોકરાએ કહ્યું, I am sure મારી ખાતરી છે the bird has nothing to do તે પક્ષિને કાંઇ કામ નથી. I should like to stay હુ થોભવાને ચાહુંછું all the day આખો દહાડો under the trees ઝાડ તળે, and hear its sweet song અને તેનું મધુર ગાયણ સાંભળવાને. But his sister said પણ તેની બેહેને કહ્યું see જો the bird has flown down તે પક્ષી ઉડીને નિચે આવ્યું છે and picked up some bits of straw અને ઘાસનાં થોડાંક તણખલાં ઉપાડી લીધાંછે and it is now taking them ને હમણાં તે તેને લેઇ જાયછે, to its nest પોતાના માળામાં. It has to build a nest તેને માળો બાંધવો છે with straw and feathers and moss ઘાસનાં તણખલાં, અને પીછાં અને સીલ-થી and so અને તેથી it has no time તેને વખત મળતો નથી to be idle આળશુ થવાને.

——o——

THE BOY THAT LIKED PLAY રમતીઆળ છોકરો. (2)

Gone, *p.* (ગૉન) ગયલું.
Far, *ad.* (ફાર) લાંબે; દુર.
Lying, *p.* (લાઈંગ) પડેલો; પડીને.
Road-side, રસ્તાની બાજુ.
Gave, *v.* (ગેવ) વગાડી.
Whistle, *s.* (વ્હિસલ) સીસોડી.
Started up, *v.* (સ્તારતેડ અપ) ઉઠયો.
To help, *v.* (હેલ્પ) મદદ કરવા.
Was driving, *v.* (ઉવૉઝ ડ્રાઇવિંગ) હાંકીને લેઇ જતો હતો.
Market, *s.* (મારકેત) બજાર.
Further on, આગળ.
Horse, *s.* (હૉર્સ) ઘોડો.
Forward, *ad.* (ફૉર્વર્ડ) આગળ.
Halter, *s.* (હૉલ્તર) બાગદોર; હાંસરી
Put on, (પુત ઑન) પેહેરાવ્યો.
Horse's, *s.* (હૉર્સિસ) ઘોડાના.

Fellow, *s.* (ફેલો) માણસ, શખ્સ.
Plough, *v.* (પ્લાઉ) હળ ફેરવવો.
Harrow, *v.* (હૅરો) દાંતાળો (કળપ) ફેરવવો.
Fields, *s.* (ફીલ્દઝ) ખેતરો.
Oats, *s.* (ઓત્સ) એક પ્રકારનું વિલાયતી ધાન.
Barley, *s.* (બારલી) જવ.
Wheat, *s.* (ઉવ્હીત) ઘઊં.
To grind, *v.* (ગ્રાઇન્દ) દળવા.
To sell, *v.* (સેલ) વેચવા.
Beast, *s.* (બીસ્ત) હેવાન.
Something, *s.* (સમથિંગ) કાંઇ.
Allow, *v.* (અલવ) આપવું; દેવું.
Before, અગાઉ.
To get away, જવા.
Errands, *s.* (ઍરન્દસ) સોંપેલાં કામ.

They had not gone far તેઓ ઘણે દુર ગયાં નહી when એટલામાં they saw a dog તેઓએ એક કુતરો જોયો lying અરડાઇને પડેલો by the road side રસ્તાની બાજુએ; and the boy said અને તે છોકરે કહ્યું "May I not play with the dog શું હું તે કુતરા સાથે રમી નહી શકું? for કારણ કે it seems to have nothing to do તેને કાંઇ કાંમ નથી એવુ માલમ પડેછે.

Just then તરતજ a man gave a loud whistle એક માણસે મોટેથી સીસોડી ફૂંકી. The dog તે કુતરો started up at once એકદમ ઉભો થયો and અને ran off to help him with the sheep he was driving to the market જે મેંઢાંઓને તે મારકીટમાં હાંકી જતો હતો તે મેંઢાંઓને હાંકી લેઈ જવાને તેને મદદ કરવાને દોડી ગયો.

Still further on જરા વધારે આગળ જતાં, the boy saw a horse eating તે છોકરાએ એક ઘોડાને ખાતાં જોયો, and said અને કહ્યું, "It can have nothing to do તેને કાંઈ કામ નહીં હશે. So તેથી I shall go હું જઈશ and play with it અને તેની સાથે રમીશ. But પણ as he went forward તે આગળ ગયો કે તરતજ, a man went up with a halter એક માણસ બાગદોર લેઈને આવ્યો, which કે જે he put on the horse's head તેણે તે ઘોડાની ડોકમાં પેહેરાવી.

As he did so, જ્યારે તેણે એ પ્રમાણે કીધું ત્યારે, he said to the boy તેણે તે છોકરાને કહ્યું "My little fellow મારા નાના દોસ્ત, my horse must plough and harrow my fields મારા ઘોડાએ ખેતરમાં હોળ તથા દાંતાળો ફેરવવો જોઈએ. I must have મને જોઈશે Oats and barley and wheat ઓટ અનાજ, જવ, અને ઘઉં to grind and sell દળવાને અને વેચવાને that I may get money કે જેથી કરીને હું પૈસા મેળવી શકું."

Then પછી when the boy saw જ્યારે તે છોકરાએ જોયું that કે every bee and bird દરેક મધમાખ અને પક્ષિ and beast અને હેવાનને had something to do કાંઈ પણ કામ કરવાનુંછે, he said to his sister ત્યારે તેણે પોતાની બેહેનને કહ્યું, "Well, ઠીક, I shall go to school હું નિશાળે જઈશ and learn my lessons અને મને શિખવા આપેલા પાઠો કરીશ.

"When I get home જ્યારે હું ઘેર જઈશ, mother will allow me a good long time for play ત્યારે મા મને લાંબો વખત સુધી રમવા દેશે with the other boys બીજા છોકરાઓ સાથે, before I go to bed હું સુવા જાઉં તેની અગાઉ."

Saying this એમ કહીને, he ran off to school તે દોડતો નિશાળે ગયો; and his sister was glad અને તેની બેહેન ખુશી થઈ to get away જવાને to do her errands પોતાને સોંપેલાં કામો કરવાને.

—o—

FORGIVE માફ કરો.

Forgive, *v.* (ફરગિવ) માફ કરવું.
Ball, *s.* (બૉલ) દડો.
Mud, *s.* (મદ) કાદવ.
He ought to have been more careful, તેણે વધારે સાવચેત રેહેવું જોઇતું હતું.
Angry, *a.* (ઍન્ગ્રિ) ગુસ્સા ભરેલું.
Frown, *s.* (ફ્રાઉન) ડોળા કાઢીને દેખાવ કરવો તે.
Brow, *s.* (બ્રાઉ) ભવાં.
Think, *v.* (થિંક) વિચાર કર.
Offend, *v.* (ઑફેન્ડ) નાખુશ કરેછે, ગુસ્સે કરેછે, અપમાન આપેછે.

Temper, *s.* (ટેમ્પર) સ્વભાવ મિ- [જાજ.
To night, આજ રાતે.
Sins, *s.* (સિન્સ) પાપો.
Brother, *s.* (બ્રધર) ભાઈ.
Ever, *ad.* (ઍવર) નિત્ય; હમેશાં.
Humbly, *ad.* (હમ્બ્લી) નમ્રતાથી, નમનતાઈથી. [કરવી.
Pray, *v.* (પ્રે) પ્રાર્થના કરવી; બંદગી
Grace, *s.* (ગ્રેસ) મેહેરબાની; કૃપા; રેહેમ.
Ready, *a.* (રેડી) ખુશી; તૈયાર આનાકાની વગર. [માફ કરે.
We may be forgiven, આપણને

"Dear Ann પ્યારી ઍન" said Jane જેને કહ્યું, "won't you forgive Fred તું શું ફ્રેડને માફ કરશે નહી? He did not mean તેની ધારણા નહીં

હતી to throw your ball તારો દડા નાંખવાની in the mud કાદવમાં."
"He તેણે ought to have been more careful વધારે સાવચેત રહેવું જોઇતું હતું," said Ann ઍને કહ્યું, with an angry frown on her brow ડોળા કાઢીને ગુસ્સા ભરેલા દેખાવથી.

"O Ann અરે અૅન!" said Jane જેને કહ્યું "think વિચાર કર કે how you offend God ખોદાને તું કેવો નાખુશ કરેછે by your angry temper તારા ગુસ્સા ભરેલા સ્વભાવથી. How can you ask Him તું તેની પાસે કેમ માગી શકશે to-night આજ રાતે to forgive you તુને માફ કરવાને your sins તારાં પાપો, if you do not forgive જો તું માફ નહી કરશે your little brother now તારા નાના ભાઇને હમણા!"

"Forgive માફ કર if you would be forgiven જો તું માફી મેળવવા ચાહાતી હોય તો."

O let us ever humbly pray અરે ચાલો આપણે હમેશાં, નમ્રતાથી બંદગી કરીએ That કે grace to us be given આપણી ઉપર (ઇશ્વર)મેહેરબાની રાખે. May we be ready to forgive આપણે માફ કરવાને તૈયાર થઇએ, That કે we may be forgiven આપણને માફી મળે. Amen, આમીન.

——o——

SPRING વસંત ૠતુ.

Spring, *s.* (સ્પ્રિંગ) વસંતૠતુ.
Is come, *v.* (ઇઝ કમ) આવીછે; બેઠીછે.
(Is) waking, *v.* (ઉવેકિંગ) જાગેછે; પાછી દેખાયછે.

The fields are dressed in a fresh robe of green, ખેતરોને લીલાં તાજાં ઘારાનો ઝભો પેહેરાવ્યોછે, એટલે કે ખેતરોમાં લીલોતરી ઉગી છે તેથી તેઓ રમણ્ય દેખાયછે.

(Are) dressed, *v.* (ડ્રેસ્ડ) સંગાર્યાછે.
Robe, *s* (રોબ) ઝભ્ભો.
Green, *s.* (ગ્રીન) લીલું ઘાસ.
Buds, *s.* (બડ્ઝ) કળી,કુણગો; પીળો;
Wild-flowers, જંગલી ફુલો.
Peep forth, *v.* (પીપ ફૉર્થ) સહેજ દેખાવું.
Snow-drop, *s.* (સ્નો ડ્રૉપ) શિયાળો ગયા પછી વસંત રૂતુની સરૂઆતમાં કે જે વખતે જમીન ઉપર સોહેજ બરફ હોયછે તે વખતે જે પેહેલવેહેલાં ફુલ ઉગેછે તેને, "સ્નોડ્રૉપ" કરી કહેછે.
Lovely, *a.* (લવલિ)સુંદર, મનોહર, વ્હાલું લાગે એવું.
Get ready, તયાર કરવું.
Begin, *v.* (બિગિન) સહરૂ કરેછે.
To sow, *v.* (સો) વાવવાને.
Gardener, *s.* (ગાર્ડનર) માળી; બાગબાન.
Garden, *s.* (ગાર્ડન) બાગ; ફુલવાડી.
Warmer, *a.* (ઉવૉરમર) વધારે ગરમ.
Brighter, *a.* (બ્રાઇટર) વધારે ચલકતું.
Sun-shine, *s.* (સન શાઇન) તડકો.
Every thing is full of life and joy, દરેક ચીજમાં ખુશી અને જીવ આવ્યો છે.
Showers, *s.* (શાવર્સ) ઝાપતાં.
To water, *v.* (તુ ઉવૉટર) પાણી પાવું, પાણી છાંટવું.
(The) earth, *s.* (અર્થ) જમીન.
Make to grow, ઉગાડવું.
Corn, *s.* (કૉર્ન) અનાજ.
Bear, *v.* (બેર) ઉગાડવું, પેદા કરવું.
Fruit, *s.* (ફ્રુત) ફળ, મેવો.
Herbs, *s.* (અર્બ્ઝ) વનસ્પતિ, ભાજીપાળો.
Pleasant, *a.* (પ્લેઝન્ત) મઝાનો, સ્વાદદાર.
Plant, *s.* (પ્લૅન્ત) છોડવો, રોપો.
Blossom, *s.* (બ્લૉસમ) મોહોર.
Thank-ful, *a.* (થૅન્કફુલ) આભારી.

Spring is come વસંત રૂતુ બેઠીછે and every thing is waking અને દરેક ચીજ જાગેછે from its winter sleep તેની શીઆળાની ઉંઘમાંથી

The fields are dressed ખેતરોમાં ઉગાછે in a fresh robe of green તાજી લીલોટરી (ખેતરોમાં તાજી લીલોટરી ઉગીછે.)

There are buds on the tree ઝાડો ઉપર ફુલોની કળીઓ ફુટી નિકળીછે and the wild-flowers અને જંગલી ફુલો once more ફરીથી begin to peep forth દેખાવા માંડેછે. The white snowdrop સફેદ "સ્નોડ્રૉપ" is one એક છે of the first flowers of spring વસંત રૂતુમાં ઉગતાં પેહેલાં ફુલોમાંનું. How lovely કેવું મનોહર it is તે (લાગે)છે.


Birds sing પક્ષીઓ ગાયછે among the trees ઝાડોમાં and begin to get ready their nests અને પોતાના માલા તૈયાર કરવા માંડેછે for summer હુનાલાને સારૂ.

Men begin now to plough માણસો હવે હોલ ખેડવા માંડેછે and to sow અને વાવણી કરવા in the fields ખેતરોમાં. The gardener માળી digs the ground જમીન ખોદેછે, and sows seeds અને બી વાવેછે in the ground જમીનમાં.

The days are warmer (એ) દિવસોમાં વધારે ગરમી પડેછે, for કારણકે brighter sunshine has come again ફરીથી જોરથી તડકો પડેછે. Every thing દરેક ચીજ (માં) is full of life and joy ખુશી અને જીવ આવ્યોછે.

Soon જલદીથી the soft spring showers વસંત રૂતુના નરમ ઝાપટાં will fall પડશે, to water the earth જમીનને પાણી પાવાને and make the seeds to grow અને બી ઉગાડવાને. It is by the rain and sunshine વરસાદ અને તડકાંથીજ that God makes the corn to grow ખોદા અનાજ ઉગાડેછે and the trees to bear leaves and flowers and fruit અને ઝાડ ઉપર પાંદડાં, ફુલ, અને મેવા ઉગાડેછે.

God does it all ખોદાએ સઘળું કરેછે: it is the way એ રીતજ છે કે He gives us corn કે આપણને અનાજ આપેછે for bread રોટલીને સારૂ, Sweet herbs to eat ખાવાને તાજી વનસ્પતિ and pleasant fruit અને સ્વાદદાર મેવા, That we may all be fed કે આપણે સઘળા ખાઈએ. Then ત્યારે let us never see a plant આપણે કદી એક રોપો જોઈએ નહીં, Or blossom on a tree અથવા ઝાડપરની એક મહોર, But પણ let us think આપણે વિચારીએ how good God is ખોદા કેવો ભલો છે, And ever thankful be અને હમેશા સુધી (તેના) આભારી થઈએ. (પણ ખોદા કેવો ભલો છે અને આપણે હમેશા સુધી તેના આભારી થવું જોઈએ એવિશે વિચાર કર્યે નહીં ત્યાંસુધી આપણે એક છોડવ અથવા ઝાડપરની એક મોહોર જોવી નહીં જોઈએ.)



RAIN વરસાદ.

Clouds, *s.* (કલાઉદ્ઝ) વાદળાં.
Sky, *s.* (સ્કાઇ) આકાશ.
Move along, *v.* (મુવ અલૉંગ) આગળ ખસવું.
(Have) hid, *v.* (હિદ) ઢાંકી નાંખ્યોછે. [કર્યું છે.
(Have) covered, *v.* (કવર્દ) ઢાં-
Just as, જે માફક.
Blue, *a.* (બ્લુ) આસમાની.
It will rain, વરસાદ આવશે.
Drops, *s.* (ડ્રૉપ્સ) ટીપાં; છાંટા.
Ducks, *s.* (દક્સ) બતકાં.
Shelter, *v.* (શેલ્તર) છાંયો લેવો, સંતાઈ રેહેવું.
The rain is over, વરસાદ આવતો નથી, વરસાદ બંધ પડયોછે.
Themselves, *pro.* (ધેમસેલ્વ્ઝ) તેઓની મેલે.
Only, *ad.* (ઓનલિ)) માત્ર.
The flowers smell sweet, ફુલોમાંથી સુગન્ધી વાસ આવેછે.
Smell, *v.* (સ્મેલ) વાસ આવેછે.

Rain comes વરસાદ આવેછે from the coluds વાદળાંમાંથી. Look જુઓ, there are black clouds now હમણા કાળાં વાદળાં (દેખાયછે) in the sky આકાશમાં. How fast કેવાં ઝડપથી they move along તેઓ આગલ ખસેછે. See જુઓ, they have hid the sun તેઓએ સુરજને ઢાંકી નાંખ્યોછે. They have covered up the sun તેઓએ સુરજને ઢાંકી નાંખ્યોછે, just as જે માફક you cover up your face તમારૂ મેં ઢાંકોછો when you put something over it જ્યારે કાંઈ ચીજ તમે તેની ઉપર મુકોછો ત્યારે. But પણ there is છે one little bit એક નાનો કકડો of blue sky આસમાની આકાશનો still હજુ સુધી.

Now હવે there is no blue sky at all આકાશ તદન આસમાની રંગનું નથી દેખાતું; it is all black with clouds તે વાંદળાંથી તદન કાળું થઈ ગયુંછે. It is very dark ઘણું અંધારૂ થયુંછે like night રાતની માફક. It will rain soon જલદીથી વરસાદ પડશે.

Now the rain begins હવે વરસાદ પડવા માંડેછે. What large drops કેવા મોટા છાંટા! The ducks બતકાં are very glad ઘણાં ખુશી થાયછે; but the little birds પણ નાનાં પક્ષીઓ are not glad ખુશી થતાં નથી, they go તેઓ જાયછે and shelter themselves under trees અને ઝાડોમાં ભરાઈ જાયછે.

Now the rain is over હવે વરસાદ આવતો નથી. It was only a shower માત્ર વરસાદનું એક ઝાપટું પડયું. Now the flowers smell sweet હવે ફુલોમાંથી સુગંધી વાસ નિકળેછે, and the bright sun shines અને સુરજ જોરથી પ્રકાશેછે (સુરજનું તડકું જોરથી પડેછે) and the little birds અને નાનાં પક્ષિઓ sing again ફરીથી ગાયછે.

——0——

North, South, East, West

ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ દિશાઓ.

What o' clock is it? ઘડીઆળમાં કેટલા વાગ્યા છે?
Clock, *s.* (ક્લૉક) ઘડીઆળ.
Twelve, *a.* (ટ્વેલ્વ) બાર.
It is noon, બપોર પડીછે.
Noon, *s.* (નૂન) બપોર.
Turn, *v.* (ટર્ન) ફેરવવું.
Towards, *pre.* (ટૉવર્ડ્ઝ) તરફ.
South, *s.* (સાઉથ) દક્ષિણદિશા.
Left, *a.* (લેફ્ટ) ડાબો.
East, *s.* (ઈસ્ટ) પૂર્વ.
It is going to be light, અજવાળું પડવા માંડેછે.
Get up, *v.* (ગેટ અપ) ઉગવું.
Always, *ad.* (ઑલવેઝ) હમેશા.
Rises, *v.* (રાઈઝીઝ) ઉગે છે.
Back, *s.* (બૅક) પીઠ.
Straight forward, બરાબર સામે.
North, *s*, (નૉર્થ) ઉત્તર.
West, *s.* (વેસ્ટ) પશ્ચિમ.
When it is going to be night, રાત પડવા માંડેછે ત્યારે.
Sets, *v.* (સેટ્સ) અસ્ત પામેછે.

What o'clock is it ઘડીઆળમાં કેટલા વાગ્યાછે, Henry હેનરી? It is twelve o'clock બાર વાગ્યાછે. It is noon બપોર પડીછે. Come to the garden then ત્યારે બાગમાં આવો. Now હમણા where is the sun સુરજ ક્યાં છે? Turn your face તારૂં મો ફેરવ (કર) towards him તેની તરફ. Look at the sun સુરજ ગમ જો. That is the South એ દક્ષિણ દિશા છે. Always હમેશા when it is twelve o'clock જ્યારે બાર વાગેલા હોયછે, and you look at the sun અને તું સુરજ તરફ જુએછે, your face is towards the South ત્યારે તારૂ મોં દક્ષિણદિશા તરફ હોયછે.

Now હવે turn to your left hand તારા ડાબા હાથ તરફ ફર. Look forward સામે જો. That is the East એ પૂર્વ દિશા છે. In the morning સવારે when it is going to be light જ્યારે અજવાળું પડવા માંડે છે, you must look just there ત્યારે બરોબર તે તરફ તું જોજે and you will see the sun get up અને તું સુરજને ઉગતો જોઈશ. Always હમેશા in the morning સવારે look there for the sun સુરજને ત્યાં જોજે; for the sun rises in the East કારણકે સુરજ પૂર્વદિશામાં ઉગે છે.

Now હવે turn your back to the sun સુરજ તરફ તારી પીઠ કર. Look straight forward બરોબર સામે જો. That is North એ ઉત્તર દિશા છે.

Now હવે turn to your left hand તારા ડાબા હાથ તરફ ફર. Look forward સામે જો. That is West એ પશ્ચિમ દિશા છે. When it is going to be night જ્યારે રાત પડવા માંડે છે, look for the sun just there ત્યારે બરોબર ત્યાં સુરજને જોજે. He is always there તે હમેશાં ત્યાં હોય છે when he goes down જ્યારે તે નીચે જાય છે ત્યારે for કારણકે the sun sets in the West સુરજ પશ્ચિમે અસ્ત પામે છે.

North, South, East, West, ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ (દિશા).

—— o ——

WASTE NOT WANT NOT

(કોઈપણ ચીજનો) બગાડ કરતો ના જેથી તંગી નહી પડે.

Floor, *s.* (ફ્લૉર) જમીન, ભોંય.

Crust, *s.* (ક્રસ્ત) રોટલીનો કટકો, પોપડો.

Hungry, *a.* (હંગ્રિ) ભૂખ્યાં.

Treat, *s.* (ત્રીત) મેજબાની (નો ખોરાક), મોજ.

Wilful, *a.* (વિલ્ફુલ) જાણી બુઝીને કીધેલું; મરજીનું.

Waste, *s.* (વેસ્ત) નાંખી દેવું તે; બગાડ.
Woeful, *a.* (વોફુલ) દુઃખ ભરેલી.
Want, *s.* (વૉન્ત) તંગી; ગરજ.
I may live to say, હું જ્યાંલગી જીવું ત્યાંલગી બોલીશ.

જે રોટલીનો કકડો હું ખાઇ શકતો નથી તે મારે જમીન ઉપર (ફોકટ) નાંખી દેવો નહીં જોઇએ, કારણકે ઘણાંક ભૂખ્યાં છોકરાંઓ તેને એક તદન મેજવાની તરીકે વિચારશે.

જાણીબુજીને કીધેલા બગાડથી દુઃખ ભરેલી તંગી ઉત્પન્ન થાયછે, અને હું જ્યાંલગી જીવું ત્યાંલગી બોલીશ "અરે જે રોટલી મેં એક વખત નાંખી દીધી હતી તે મારી પાસે હોતે તો સારૂં થતે એવું હું કેવો ઇચ્છુંછું." ભાગ.

---o---

A VISIT TO THE BLAKSMITH'S SHOP

લુહારની દુકાન ઉપર ગયાં હતાં (તેનું વર્ણન)

Visit, *s.* (વિઝિત) મુલાકત.
Smith, *s.* (સ્મિથ) હથોડાથી ઘડનાર.
Shop, *s.* (શૉપ) દુકાન.
Forge, *s.* (ફૉર્જ) લુહારની ભઠી.
Blows, *v.* (બ્લોઝ) ફુંકેછે.
Fire, *s.* (ફાયર) આતસ.
Pair, *s.* (પૅર) જોડી.
Great, *a.* (ગ્રેત) મોટું.
Bellows, *s.* (બેલ્લોઝ) ધમણ.
A pair of Bellows, ધમણ.
Iron, *s.* (આયરન) લોઢું.
Hot, *a.* (હૉત) ગરમ.
Takes out, બાહેર કાઢેછે.
Tongs, *s.* (તૉન્ગસ) ચીપ્યો.
Anvil, *s.* (ઍન્વિલ) એરણ.
Beats, *v.* (બીત્સ) ઠોકેછે, મારેછે.
Hammer, *s.* (હૅમ્મર) હથોડો.
How hard he works, તે કેવી સખત મેહેનત કરેછે.
Sparks, *s.* (સ્પાર્કસ) ચણગારી.
Black-smith, *s.* (બ્લૅક સ્મિથ) લુહાર; લુવાર.

Nails, *s.* (નેઈલ્ઝ) ખીલાઓ.
Horse-shoes, *s.* (હૉર્સ-શુઝ) નાળ.
(Are) made, *v.* (મેદ) બનેલાછે.
Use, *s.* (યુસ) ઉપયોગ. [માં આવેછે.
Is used, *v.* (ઈઝ યુઝ્દ) વાપરવા-
Wheels, *s.* (ઉ્હીલ્સ) પૈડાં, ચક્રરો.
Steam-engines, *s.* (સ્તીમ-ઍન્જી-
ન્સ) વરાળ યંત્રો.

We could not do without iron,
લોઢાં વગર આપણને ચાલે નહી.
Steel, *s.* (સ્તીલ) પોલાદ; ખરૂ લોઢું.
Sharp, *a.* (શાર્પ) ચાલતું, તીક્ષ્ણ.
Hard, *a.* (હાર્દ) સખ્ત.
Knives, *s.* (નાઈવ્ઝ) છરીઓ.
Scissors, *s.* (સિઝર્ઝ) કાતર.

ચાલો આપણે લુહારની દુકાને જઈએ. તે શું કરેછે? તેની પાસે એક ભઠી છે. લોઢું ગરમ કરવાને તે મોટાં ધમણથી આતસ ફુંકેછે.

હવે તે ચીપિયાથી તે બાહેર કાઢેછે અને તેને એરણ ઉપર મુકેછે. હવે તે તે ઉપર હથોડા મારેછે. તે કેવી સકત મેહેનત કરેછે! ચણગારી આસ-પાસ ઉડેછે; સુંદર ચળકતી ચણગારી!

લુહાર શું કરેછે? તે ખીલા, નાલ, અને બીજી ઘણી ચીજો બનાવેછે.

ખીલા અને નાળ શેની બનેલાછે? તેઓ લોઢાંનાં બનેછે. લોઢું આપણને ઘણું કામનું છે. હોલ, પૈડાં, વહાણો, વરાળ યંત્રો અને સઘળી જાતની ચીજો બનાવવામાં લોઢું વપરાયછે. લોઢાં વગર આપણને ચાલે નહીં.

પોલાદ લોઢાંનું બનેછે. પોલાદ ઘણું ચળકતું, અને ધાર કાઢી શકાય તેવું, અને સખ્તછે. છરીઓ અને કાતર પોલાદની બનેછે.

——o——

FACTS FOR LITTLE FOLKS, છોકરાંઓને સારૂં ખરી વાત.

Facts, *s.* (ફૅક્ટ્સ) ખરી વાત.
Folks, *s.* (ફોક્સ) લોક.
Little folks, છોકરાંઓ.

Tea, *s.* (તી) ચા.
Is prepared, (ઈઝ પ્રિપૅર્દ) બનાવીછે.
Leaf, *s.* (લીફ) પાંદડું.

(Is) gathered, *v.* (ગૅધર્ડ) એકઠું કીધુંછે.
Butter, *s.* (બતર) માખણ.
Pork, *s.* (પૉર્ક) ડુક્કરનું માંસ.
Flesh, *s.* (ફ્લેશ) માંસ.
Pig, *s.* (પિગ) ડુક્કરનું બચ્ચું.
Sow, *s.* (સો) ડુક્કરી.
Juice, *s.* (જ્યુસ) રસ.
Apple, *s.* (ઍપલ) સેબફળ.
Cider, *s.* (સાઇદર) સેબફળનો દારૂ-[રસ.
Grape, *s.* (ગ્રેપ) દરાખ.
Wine, *s.* (વાઇન) દરાખનો દારૂ.
Cork, *s.* (કૉર્ક) બુચ.
Bark, *s.* (બાર્ક) છાલ.
Sponge, *s.* (સ્પન્જ) વાદળી, વાદલું.
Grows, *v.* (ગ્રોઝ) ઉગેછે.
Deep, *a.* (દીપ) ઊંડું.
Is obtained, *v.* (ઇઝ ઓબટેન્ડ) મેળવવામાં આવેછે.
Fish, *s.* (ફિશ) માછલી.
Flax, *s.* (ફ્લૅક્સ) શણ.
Candles, *s.* (કૅનડલ્સ) મીણબતી.
Tallow, *s.* (ટૅલો) ચરબી.
Wax, *s.* (વૅક્સ) મીણ.
Linen, *s.* (લિનન) શણનું લુગડું, શણનું કપડું.
Fibres, *s.* (ફાઇબર્ઝ) રેશા, સાકા.
Paper, *s.* (પેપર) કાગદ, કાગજ, [કાગળ.
Silk, *s.* (સિલ્ક) રેશમ.
(Is) spun, *v.* (સ્પન) કાંતવામાં [આવેછે.
Worm, *s.* (વર્મ) કીડો.

આ ઝાડનાપાંદડાંમાંથી બનેછે; મધમાખ મધ બનાવેછે અને એકઠું કરેછે.

ગાયના દુધમાંથી માખણ બનેછે; ડુક્કર અથવા ડુક્કરીના માંસને પૉર્ક (કહે) છે.


સેબફળના રસમાંથી ઘણો સારો દારૂ બનેછે; દરાખના રસમાંથી રાતો અને સફેદ વાઇન દારૂ બનેછે.

બુચ એ ઘણાં મોટાં ઝાડની છાલછે; વાદલું ઊંડા દરીઆમાં છોડવાની માફક ઉગેછે.

તેલ, મછી અને શણમાંથી મળેછે; મીણબતી, ચરબી અને મીણ-માંથી બનેછે.

શણનું કપડું, શણના સાકામાંથી બનેછે; કચરો, અને ચીથરાંમાંથી કાગજ બનેછે.

નરમ અને ગરમ ઉનમાંથી ઉનનો દોરો બનેછે; કીડો રેશમ તૈયાર કરેછે અને કાંતેછે.



THE LAST CROSS WORD, ગુસ્સાથી (બોલાયલો) છેલો બોલ.

Bursting into tears, આંખમાંથી દડદડ આંસુ પાડીને, અથવા રડીને
Bursting, *p.* (બર્સ્તિંગ) પાડીને.
She heard of the death, તેણીએ મરણવિશે સાંભળ્યું.
Death, *s.* (ડેથ) મરણ.
Young, *a.* (યંગ) જુવાન.
Friend, *s.* (ફ્રેન્દ) સહી, મિત્રાણુ.
Saw, *v.* (સૉ) મળી.
Together, *ad.* (તુગેધર) સાથે.
Crossly, *ad.* (ક્રૉસલિ) ગુસ્સાથી, ગુસ્સાથી. [ભરેલો.
Cross, *a.* (ક્રૉસ) ગુસ્સાનો, ગુસ્સા
Word, *s.* (ઉવર્ડ) શબ્દ, બોલ.
Heavy, *a.* (હેવિ) દિલગીરી ભરેલો, ભારે.

Heart, *s.* (હાર્ત) દિલ, અંતઃકરણ.
Lay heavy on her heart, તેણીના દીલ ઉપર ભાર થઈ પડ્યો, એટલે તેણીને ઘણી દલગીરી ઉપજી. [દેખાડેછે.
Points out, *v.* (પૉઈન્ટ્સ આઉત)
Kindly, *ad.* (કાઈન્દલિ) માયાથી.
Father, *s.* (ફાધર) બાપ.
Playmates, *s.* (પ્લેમેટ્સ) રમનાર સાથી, સોબતી. [પાસ.
Around, *pre.* (અરાઉન્ડ) આસ-
Lest, *conj.* (લેસ્ત) રખેને માટે; નહી તો કે.
Sad, *a.* (સૅદ) દીલગીરી ભરેલા
Pain, *s.* (પેન) દુઃખ.
Wrath, *s.* (રૉથ) ગુસ્સો.

એક નાની છોકરીએ જ્યારે પોતાની જુવાન સહીના મરણ વિશે સાંભળ્યું, ત્યારે તે આંખમાંથી આંસુ પાડીને બોલી "જ્યારે હુ અમીને મળી

ત્યારે હું એમ નહીં જાણતી હતી કે તેણીની સાથે મને જે બોલાચાલી થઈ તે છેલા વખતનીજ હતી.''

છેલે તેઓ સાથે હતાં ત્યારે તે તેણીની સાથે ગુસ્સાથી બોલી હતી, અને તે છેલ્લા ગુસ્સાથી બોલાયલા બોલને લીધે હમણા તેણીના દીલમાં ઘાણું લાગી આવ્યું.

માયાળુ શબ્દો વિશે આ એક સારો દાખલો દેખાડે છે. તમારા બાપ, તમારાં મા, તમારા ભાઈ, તમારી બેહેન તમારી સાથ રમનારા સોબતી (અને) તમારી આસપાસના દરેકજણ સાથ માયાથી બોલજો, નહીંતો કે તેઓની સાથે જે બોલવું થશે તે છેલી વખતનુંજ થશે. ગુસ્સાથી બોલાયલા બોલ વિશે વિચાર કરવાથી ઘણી દીલગીરી ઉપજે છે.

નાનાં છોકરાંઓ, એક બીજાને ચહાવો; બીજાને કદી દુઃખ દેતાં નાં: જો તમારો ભાઈ ગુસ્સાથી બોલે તો પાછો ગુસ્સાથી જવાબ ના દેતાં.

—o—

SUMMER, ઉન્હાળો.

It is summer, ઉન્હાળો બેઠો છે.

Awake, *a.* (અવેક) જાગતું, જાગૃત.

Hours before you are awake, તમે જાગો તેની આગમચ કેટલાક કલાકનો.

Is gay, ખુશાનુમા દેખાયછે. [નારા.

Hay-makers, ઘાસ કાપીને સુકવ-

Busy, *a.* (બીઝિ) ઉદ્યોગી, કામમાં ગુંતાયલાં.

Cut down, *p.* (કટ દાઉન) કાપેલું.

Dried, *p.* (ડ્રાઈડ) સુકવેલું. [પનારા.

Mowers, *s* (મોઅર્ઝ) દાતરડાંથી કા-

Scythes, *s.* (સાઈધ્ઝ) દાતરડાં.

Reaping, *a.* (રીપિંગ) કાપણી કરવાના.

Machines, *s.* (મશીન્ઝ) સાંચા.

Women, *s.* (વિમેન) સ્ત્રીઓ; ઓરત.

Toss, *v.* (તૉઝ) નાખેછે, ફેંકેછે.
Dry, *v.* (ડ્રાઇ) સુકવવું.
New-mown, *a.* (નીઉ-મોન) તરતનું કાપેલું.
It is made into a hay-stack, તેની ઘાસની ગંજી બનાવવામાં આવેછે.
Cows, *s.* (કાઉઝ) ગાયો.

Blue, *s.* (બ્લિઉ) આસમાની રંગ.
Deeper green, ઘણો લીલો.
Beneath, *pre.* (બિનીથ) તળે, નિચે.
Ring, *v.* (રિંગ) વાગવું.
They spread to the air, તેઓ હવામાં ખુલું નાખેછે.
Glide, *v.* (ગ્લાઇડ) જા. [ડકો.
Warmth, *s.* (વૉર્મ્થ) ગરમી; ત-

હવે ઉન્હાળો બેઠોછે. દિવશો લાંબાછે, અને તમે જાગો તેની આગમચ કેટલાક કલાકનો સુરજ ઉગ્યોછે."

ઝાડો પાંદડાંથી ભરેલાંછે, અને બાગ ફુલોથી ખુશનુમા દેખાયછે.

માણસો ઘાસ સુકવવા (તથા એકઠું કરવા) ખેતરમાં કામે લાગી ગયાછે. હે (સુકું ઘાસ) શુંછે તે તમે જાણોછો? તે કાપેલું અને સુકવેલું લાંબું ઘાસછે. જે માણસો તે કાપેછે તેઓને કાપણી કરનારા કહેછે. તેઓ લાંબાં ચાલતાં દાતરડાંથી અથવા કાપણી કરવાના સાંચાથી તે કાપેછે. અને સ્ત્રીઓ અને છોકરાંઓ તેને ખેતરમાં (છુટું છુટું) આસપાસ નાંખેછે કે પવન અને સુરજના તાપથી તે સુકાય, તરતના કાપેલાં ઘાસમાંથી કેવો મીઠો સુગંધ નિકળેછે.

જ્યારે ઘાસ સુકાયછે, ત્યારે તે (ઘાસ) ની ગંજી બનાવવામાં આવેછે. શિયાળામાં કે જે વખતે ગાય અને ઘોડાને ખાવાને ખેતરમાં (લીલું) ઘાસ થતું નથી તે વખતે તેઓને ખવાડવાને વાપડવાસારૂં હવે તે તૈયાર (થયું)છે.

આકાશના આસમાની રંગથી (અને) જ્યારે હું ઝાડની નીચે સુતેલો હોઉંછું ત્યારે તેઓના વધારે લીલા રંગથી હું જાણુંછું કે ઉન્હાળો બેઠોછે.

હવે ઘાસ કાપનારાઓના ચાલતાં દાંતરડાં આખો દહાડો વાગેછે, અને તેઓ મધુર વાસવાલું ઘાસ હવામાં ખુલું નાંખેછે.

અરે ઉન્હાળા મીઠા ઉન્હાળા, ધીમે, ધીમે જજે! કારણકે તારા તડકા અને ગરમીમાં મને રમવા ગમેછે.

———o———

AUTUMN, પાનખર રતુ.

Autumn, *s.* (ઑતમ) પાનખર રતુ.
Has come, *v.* (હૅઝ કમ) બેઠી છે.
(Are) fading, *v.* (ફેડિંગ) કરમાઇ જાયછે.
(Have) fallen, *v.* (ફૉલન) પડયાંછે.
Time, *s.* (તાઇમ) હિગામ.
Plums, *s.* (પ્લમ્ઝ) આલુ.
Ripe, *a.* (રાઇપ) પાકાં.
Corn, *s.* (કૉર્ન) અનાજ.
Reapers, *s.* (રીપર્સ) કાપણી કરનાર.
Stalks, *s.* (સ્ટૉક્સ) ડાંખલાં, કણસ.
Nod, *v.* (નૉદ) ઝોંકા ખાયછે.
Wave, *v.* (વેવ) હિલેછે. [વલેછે.
Bend, *v.* (બેન્દ) નમી જાયછે; વાંકુ
Weight, *s.* (વેત) બોજ, ભાર.
Golden, *a.* (ગોલ્દન) સોના જેવો, ઉમદા.
Grain, *s.* (ગ્રેન) દાણો, અનાજ.
Loaves of bread, (લોવ્ઝ આવ બ્રેદ) પાંઉ; નાન.
Mouths, *s.* (મોદ્ઝ) માણસો.
Thank, *v.* (થૅન્ક) પાડ માનવો.
Are sighing, *v* (આર સાઇંગ) ફુંકેછે
Ripened, *a.* (રાઇપન્દ) પાકેલો.
Breeze, *s.* (બ્રીઝ) લેહેરકી.
Harvest, *a.* (હાર્વેસ્ત) કાપણીના દહાડાનો, કાપણીની મોસમનો.
Hill, *s.* (હિલ) ટેકડી.
Valley, *s.* (વૅલી) ખીણ.
Floods, *s.* (ફ્લડ્ઝ) રેલ છેલ.
Silver, *a.* (સિલવર) રૂપેરી.
Swallows, *s.* (સ્વૉલોઝ) ચલ્યાં.
Eaves, *s.* (ઇવ્ઝ) છજ્યાં.
Falling, *s.* (ફૉલિંગ) પડવું તે.
Flee, *v.* (ફ્લી) ઉડી જવું.
Across, *pre.* (ઍક્રૉસ) પેલેપાર.

પાનખર રૂતુ બેઠીછે. લીલાં પાંદડાંઓ કરમાઈ જાયછે. કેટલાંક ઝાડ-પરથી (ખરી) પડ્યાંછે, અને જમીન ઉપર કરમાયલાં પડ્યાંછે. હમણા મેવા આવવાનો હિંગામછે. સેબફળ, પેર, આલુ, અને સઘળી જાતનો મેવા પાકીને તૈયાર થયોછે.

અનાજણી પાકોછે. કાપણી કરનારા તે કાપવા માંડેછે.* જુઓ ઊંચા કણુસો તડકાંમાં કેવાં હિલેછે અને ઝોંકા ખાયછે. તેઓ સોનેરી રંગના દાણા (ઘઊં) ના ભારથી નમી જાયછે.

તે ઘઊંના ખેતરમાંથી કેટલાં બધાં પાંઉ બનશે! તેમાંથી કેટલાં બધાં ભૂખ્યાં માણસો ખાશે. જ્યારે આપણે આપણો ખોરાક ખાઈએ ત્યારે જે (સાહેબ) અનાજ ઉગાડે છે તેનો આભાર માનવાને ભુલવું નહીં જોઈએ.

પાનખર રૂતુનો પવન ફુંકેછે, ઝાડો ઉપર ફુંકેછે; પાકેલો અનાજ હિલેછે, (પવનની) લહેરીથી હિલેછે. કાપણીની મોસમનો ચાંદ પ્રકાશેછે, રૂપેરી રોશનીની રેલછેલમાં ખીણ અને ટેકડી ઉપર રાતે પ્રકાશેછે.

ચલ્યાંઓ એકઠાં થઈને આવેછે, છજ્યાંમાંથી એકઠા થઈને, ખરી પડવાની વાટ જોયછે, પાંદડાંઓના ખરી પડવાની. તેઓ જાણેછે કે તે વરાંત આવેછે, તે વખત કે જે વખતે દરીઆની પેલપાર દૂરના વધારે જોરથી પડતાં તડકાંવાળા (મુલકમાં) તેઓને ઉડી જવું જોઈશે.

———o———

MICE, ઊંદરો.

Merry, *a.* (મેરિ) ખુશા; રંગીલા.
Holes, *s.* (હોલ્ઝ) દરો.

The house is still at night, રાત્રે ઘર સાંત હોયછે.

* છોકરાંઓને સમજાવો કે હમણા ઘણું કરીને કાપણી, ઘોડા જોડેલા કાપણી કરવાના સંચાથી થાયછે.


Rogues, *s.* (રોગ્ઝ) ચંડાળો; ધુ-
Climb, *v.* (ક્લાઈમ્બ) ચઢેછે. [ચ્ચાઓ.
Pantry, *s.* (પૅન્ત્રિ) ખોરાકી ભરી રાખવાનો ઓરડો.
Shelf, *s.* (શેલ્ફ) છાજલી; અભરાઈ.
Taste, *v.* (તેસ્ત) સ્વાદ લેઈને ખાયછે.
Please, *v.* (પ્લીઝ) મરજી થાયછે,
Drink, *v.* (ડ્રિંક) પીએછે. [ગમેછે.
Is set, *v.* (ઈઝ સેત) મુંકેલું હોયછે.
Cream, *s.* (ક્રીમ) મલાઈ.
Nibble, *v.* (નિબલ) કરડી ખાયછે.

Cheese, *s.* (ચીઝ) પનીર.
Chance, *v.* (ચાન્સ) બને.
Feast, *s.* (ફીસ્ત) ખાનું પીનું, મેજબાની.
Their feast will soon be done, તેઓની મેજબાનીનો જલદીથી અંત આવશે.
Scamper off, *v.* (સ્કૅમ્પર ઓફ) ઉતાવળથી વેગે નહાસી જાયછે.
As fast as, જેટલી બને તેટલી ઝડપથી.

રંગીલા ઉંદરો દરોમાં રહેછે, અને દિવસે સંતાઈ રહેછે; પણ જ્યારે રાતે ઘર સાંત હોયછે ત્યારે એ લુચ્ચાઓ રમવા બાહેર નિકળેછે.

તેઓ ખોરાક ભરી રાખવાના ઓરડાની અભરાઈ ઉપર ચઢેછે, અને જે સઘળું તેઓને ગમેછે તે સ્વાદ લેઈને ખાયછે; મલાઈને સારૂં જે દુધ રાખી મુંકેલું હોયછે તે પી જાયછે, અને રોટલી ને પનીર કરડીને ખાયછે.

પણ જો ભાગજોગે તેઓ બીલાડીનો અવાજ સાંભળેછે તો, તેઓના ખાનાપીનાનો જલદીથી અંત આવી જાયછે; (અને) જેટલી ઝડપથી દોડાય તેટલી ઝડપથી દોડીને સંતાઈ જવાને ઉતાવળથી વેગે નહાસી જાયછે.



WHAT THE CLOCK SAYS, જે કાંઈ ઘડિયાળ બોલે છે તે વિશે.

Tick, *s.* (ટિક) ઘડિયાળનો ટકોરો, [ટિકટિક.
Do quick, ઝડપથી કરો.


Act, *v.* (ઍક્ત) કામ કરવું.
Today, આજે.

Fret, *v.* (ફ્રેત) ચીરડા, રીસકર.
Alone, *ad.* (અલોન) માત્ર.
Hearty, *a.* (હાર્તિ) ખરી ઉલટથી કીધેલી; દિલખુશ.
Obey, *v.* (ઓબે) તાબે થાવો.
Loiter, *v.* (લૉઇટર) ભટકવું.

"ટિક," ઘડિયાળ કહેછે, "ટિક, ટિક, ટિક !" તમને જે કાંઇ (કાંગ) કરવું હોય તે જલદી કરો વખત ઝડપથી જતો રહેછે; ચાલો આપણે કામ કરીએ અને આજેજ કામ કરીએ.

જો તમને તમારો પાઠ કરવા આપ્યો હોય, તો તે હમણાજ કરજો અને ખીજવાતા ના! કામ કર્યા પછી જે મજા કર્યે છીએ તેજ માત્ર ખરી મજા છે.

જ્યારે તમારી મા કહેછે, "તાબે થાઓ" ત્યારે ભટકતા ના, ખોટી થતા ના; (ઘડિયાળના) બીજા ટકોરાને સારૂં થોભતા ના અને જે કાંઇ કામ હોય તે ઝડપથી કરજો.



Do justly, વાજબી રીતે ચાલ.

Owe, *v.* (ઓ) ધર્મ છે, જોઇએ.
Kindness, and love to all I owe, સઘળા લોકોપર દયા અને પ્યાર કરવો એ મારો ધર્મછે; મારે બધા લોકોપર દયા અને પ્યાર કરવો જોઇએ.
Debt, *s.* (દેત) કરજ.
Allow, *v.* (અલાવ) બખસવું; દેવું.
Pay, *v.* (પે) આપવું, દેવું.
Every body, દરેક જન.
Borrow, *v.* (બૉરો) ઉછીનુ લેવું.
Buy, *v.* (બાઇ) ખરીદવું.
Try, *v.* (ત્રાઇ) તપાસવું.
Law, *s.* (લૉ) કાયદો.
Serve, *v.* (સર્વ) સેવા કરવી.
All my days, મહારી આખી જીંદગી સુધી.
Honest, *a.* (ઑનેસ્ત) પ્રમાણિક.
Just, *a.* (જસ્ત) અદલ, વાજબી.
True, *a.* (ત્રૂ) સાચો.

સઘળા લોકોપર પ્યાર અને માયા રાખવી એ મારો ધર્મછે, જ્યારે બીજું કરજ ખોદા જવા દેતો નથી ત્યારે દરેક જનપર હમેશા મારે પ્યાર અને માયા રાખવી જોઇએ. અને જ્યારે હું ઉછીનું લેઉં અથવા ખરીદ કરૂં, ત્યારે મારે પાછું આપવું જોઇએ; કારણકે ખોદા પોતાના કાયદાથી મારાં કામો અને રીતો તપાસશે. અરે, હું જ્યાંસુધી જીવું ત્યાંસુધી તેની સેવા કરૂં; હમેશા પ્રમાણિક, રાસ્તી, સાચો રેહું, અને જે મે કહ્યું તે કરવાને ખન્ત રાખું (એવું ચાહુંછું.)

—o—

WINTER, શિયાળો.

Winter has come, શિયાળો બેઠોછે.
Is gone, ખરી ગયું છે. [પડેછે.
The snow lies thick, પુષ્કળ બરફ
Hop, *v.* (હૉપ) કુદેછે.
Seeking, *p.* (સીકિંગ) શોધતા.
In vain, *ad.*(ઇન વેન) ફોકટ;નકામી.
Robin, *s.* (રૉબિન) એક જાતનું પક્ષી.
Red-breast, *s.* (રેડ બ્રેસ્ત) રાતી છાતીવાળું. [બહાદુર.
Bold, *a.* (બોલ્ડ) હિંમતવાન;
Fellow, *s.* (ફેલો) શખસ, પણ આ જગાપર પક્ષી. [ડા, કગરસ.
Crumbs, *s.* (ક્રમ્બસ) રોટલીના ટુક-
Sill, *s.* (સિલ) પાળ.

Will take fright, બીહીશે. [કાલે.
Tomorrow, *ad.* (તુમૉરો) આવતી
Nice, *a.* (નાઇસ) મજેના, [વસ્ત્ર.
Clothing, *s.* (ક્લોધિંગ) કપડાં;
Child, *s.* (ચાઇલ્દ) બચ્ચું, છોકરૂં.
Warm, *v.* (ઉવૉર્મ) હુંફ આપવી.
Shield, *v.* (શીલ્દ) રક્ષણ કરવું, ઢાંકવું.
Cold, *s.* (કોલ્દ) થંડી. [રણ.
Heart, *s.* (હાર્ત) જીગર, અંતઃક-
With all your heart, તમારા ખરાં જીગરથી.
Roots, *s.* (રૂત્સ) મૂળિયાં.
(Are) locked up, *v.* (લૉકદ આપ) ઢંકાયલાં છે.

The flowers will burst into beauty, ફુલો ખુબસુરતીથી ખીલી નિકળશે.
Are not dead, કરમાઈ નથી ગયાં.
Winter-sleep, શિયાળાની ઉંઘ.

આખરે શિયાળો બેઠોછે. બાગમાં ફુલો ઉગતાં નથી, અને દરેક પાંદડું ઝાડપરથી ખરી ગયુંછે.

જમીનઉપર પુષ્કળ બરફ પડયોછે, અને બીચારાં નાનાં પક્ષીઓ ખોરાક શોધવાને ફોકત ફાંફા મારતાં આમ તેમ કુદેછે.

